# -:: મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ (ગુજરાત) નિયમો, ૧૯૬૧ ::-

**નિયમ-૪ : પ્રદેશો અને પેટા પ્રદેશોની હદ નક્કી કરવા બાબત :-**

સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ કચેરીઓના પ્રદેશો અને હદો નક્કી કરવા માટે

**કલમ-૧૮ : સાર્વજનિક ટ્રસ્ટોની નોંધણી :-**

(૧) આ અધિનિયમ જેને લાગુ પાડવામાં આવ્યો હોય તે સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટીની ફરજ છે કે તેણે સદરહુ સાર્વજનિક ટ્રસ્ટની નોંધણી માટ્ અરજી કરવી.

(૨) તે અરજી સદરહુ ટ્રસ્ટના વહીવટ માટેની ટ્રસ્ટીની ઓફીસ જે પ્રદેશ અથવા પેટા-પ્રદેશની હદમાં હોય તેના નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને કરવી જોઇશે.

(૩) તે અરજી લેખિત હોવી જોશે અને ઠરાવવામાં આવે તે નમુનામાં કરવી જોઇશે અને ઠરાવવામાં આવે તે ફી તેની સાથે મોકલવી જોશે.

(૪) તે અરજી --

(ક) આ અધિનિયમ લાગુ પાડવામાં આવ્યો હોય તે પહેલા કરેલા સાર્વજનિક ટ્રસ્ટની બાબતતમાં, આ અધિનિયમ લાગુ પાડવાની તારીખથી ત્રપ મહિનાની અંદર કરવી જોઇશે, અને

(ખ) આ અધિનિયમ અમલમાં આવે ત્યાર પછી કરેલા સાર્વજનિક ટ્રસ્ટની બાબતમાં, તે ટ્રસ્ટ કરવામાં આવે ત્યારથી ત્રણ મહિનાની અંદર કરવી જોઇશે.

(૫) તે અરજી બીજી વિગતોની સાથે નીચેની વિગતો હોવી જોઇશે :-

૧) ટ્રસ્ટીઓ અને મેનેજરના નામ અને સરનામા

૨) ટ્રસ્ટીના હોદ્દા ઉપર અનુગામી નિમવાની પધ્ધતિ.

૩) ટ્રસ્ટની સ્થાવર અને જંગમ મિલકતની યાદી અને તેને ઓળખવા માટે પૂરતા હોય એવા વર્ણનો અને વિગતો.

૪) સ્થાવર અને જંગમ મિલકતની લગભગ કિંમત.

૫) જે તારીખે અરજી કરવામાં આવી હોય તેની તરત પહેલાના ત્રણ વરસ ટ્રસ્ટ કરવામાં આવ્યું ત્યાર પછી જે મુદત વીતી હોય તે મુદત, બેમાંથી જે ઓછી હોય તે મુદતની આવક ઉપરથી અંદાજેલી ટ્રસ્ટની મિલકતની કુલ સરેરાશ વાર્ષિક આવક.

૬) ખંડ (૫) હેઠળની વિગતો જે મુદતને લગતી હોય તે મુદતમાં થયેલા ખર્ચ ઉપરની અંદાજેલી તે સાર્વજનિક ટ્રસ્ટ સબંધમા સરેરાશ વાર્ષિક ખર્ચની રકમ.

૭) સાર્વજનિક ટ્રસ્ટ સબંધમાઁ ટ્રસ્ટી અથવા મેનેજરને પત્ર મોકલવાનું સરનામું

૮) ઠરાવવામા આવે તેવી બીજી વિગતો :

પરંતું નિયમોમા એવી જોગવાઇ કરી શકાશે કે કોઇપણ અથવા તમામ સાર્વજનિક ટ્રસ્ટોની બાબતમાં તેમાં નિર્દિષ્ટ કરવામાં આવી હોય તે કિંમતની અને તે જાતની ટ્રસ્ટની મિલકતની વિગતો આપવાનું જરૂરી નથી.

(૬) પેટા-કલમ-(૧) હેઠળ કરેલી દરેક અરજી ઉપર, ટ્રસ્ટીએ અથવા તેણે આ અર્થે ખાસ અધિકૃત કરેલા એજન્ટે સહી કરવી જોઇશે અને ઠરાવેલી રીતે એકરાર કરવો જોઇશે. તેની સાથે ટ્રસ્ટનું ખત કરવામાં આવ્યું હોય અને અસ્તિત્વમાં હોય તો તેની નકલ મોકલવી જોઇશે.

**નોંધણી અરજી સાથે રજુ કરવાના દસ્તાવેજી પુરાવાઓ :-**

(૧) ટ્રસ્ટડીડ, બંધારણ, મેમોરેન્ડમ ઓફ એસોસીએશન અને ધારાધોરણની નકલ.
(૨) સંમતિપત્ર, તમામ ટ્રસ્ટીઓના સોગંદનામા અને ઓળખપત્રની ઝેરોક્ષ નકલ.
(3) સ્થાવર મિલકતના રેવન્યુ રેકર્ડના આધારો.

**કલમ-૧૯ : નોંધણી માટે તપાસ :-**

કલમ-૧૮ અન્વયે અરજી મળ્યેથી અથવા સાર્વજનિક ટ્રસ્ટમાં હિત ધરાવતી કોઇ વ્યકિતએ કરેલી અરજી ઉપરથી અથવા પોતાની મનસુફીથી નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને નીચેની બાબતો નકકી કરવા માટે ઠરાવેલી રીતે તપાસ કરવી જોઇશે :-

(૧) ટ્રસ્ટ અસ્તિત્વમાં છે કે કેમ અને એવું ટ્રસ્ટ સાર્વજનિક ટ્રસ્ટ છે કે કેમ,
(૨) તેમાઁ કોઇપણ મિલકત તે ટ્રસ્ટની મિલકત છે કે કેમ,
(૩) ટ્રસ્ટના વિષયનો આખો અથવા કોઇ મહત્વનો ભાગ તેની હકૂમતમાં આવેલો છે કે કેમ,
(૪) તે ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને મેનેજરના નામો અને સરનામા,
(૫) તે ટ્રસ્ટના ટ્રસ્ટીના હોદ્દા ઉપર એકની એક જગાએ બીજો ટ્રસ્ટી કેવી રીતે આવે તે,
(૬) તે ટ્રસ્ટ કેવી રીતે કરવામાં આવ્યું તે, તેનો પ્રકાર અને ઉદ્દેશ,
(૭) તે ટ્રસ્ટની કુલ સરેરાશ વાર્ષિક આવક અને ખર્ચની રકમ, અને
(૮) કલમ-૧૮ ની પેટા-કલમ(૫) અન્વયે ઠરાવવામાં આવે તેવી બીજી વિગતો.

**કલમ-૨૨ : ફેરફાર :-**

(૧) કલમ-૧૭ હેઠળ રાખવામાં આવતા રજિસ્ટરમાં કરેલી નોંધોમાંની કોઇ નોંધમાં કાંઇ ફેરફાર થાય ત્યારે, ટ્રસ્ટીએ તે ફેરફાર થયાની તારીખથી ૯૦ દિવસની અંદર અથવા તે સાર્વજનિક ટ્રસ્ટના વહીવટના હિતમાં તે નોંધોમાં કોઇપણ કરવા ધાર્યુ હોય ત્યારે, તે ફેરફાર અથવા કરવા ધારેલા ફેરવાર વિષે, રજિસ્ટર જયાં રાખવામાં આવતું હોય તે સાર્વજનિક ટ્રસ્ટની નોંધણી ઓફિસના ઇન્ચાર્જ નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને ખબર આપવી જોશે. તે ખબર ઠરાવેલ નમૂના પ્રમાણે મોકલવી જોઇશે.
(૨) કલમ-૧૭ હેઠળ રાખેલા રજિસ્ટરમાં નોંધો ખરી છે કે કેમ તે તપાસી જોવા માટે, અથવા રજિસ્ટરમાં નોંધેલી વિગતોમાં કોઇપણ ફેરફાર થયો છે કે કેમ તે નકકી કરવા માટે નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનર તપાસ કરી શકશે.
(૩) પેટા કલમ-(૧) હેઠળ ખબર મળ્યા પછી અને જરૂર જણાય, તો પેટા કલમ-(૨) હેઠળ તપાસ કર્યા પછી, અથવા સદરહુ પેટા કલમ-(૨) હેઠળ ફકત તપાસ કર્યા પછી, યથાપ્રસંગ નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને

ખાતરી થાય કે કોઇ અમુક સાર્વજનિક ટ્રસ્ટના સબંધમાં કલમ ૧૭ હેઠળ રાખવામાં આવતા રજિસ્ટરમાં કરેલી નોંધોમાંની કોઇ નોંધમાં ફેરફાર થયો છે, તો તેણે તે અંગેનો નિર્ણય તેના કારણો આપીનો નોંધવો જોઇશે, તે નિર્ણય ઉપર ચેરિટી કમિશનરને અપીલ થઇ શકશે. નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે તે નિર્ણય અનુસાર સદરહું રજીસ્ટરમાંની નોંધો સુધારવી જોઇશે અને તે નિર્ણય ઉપર અપીલ કરવામાં આવી હોય તો આ અધિનિયમમાં ઠરાવેલ સત્તા ધરાવતા અધિકારીના છેવટના ચુકાદા અનુસાર તેમાં સુધારો કરવો જોઇશે. તેવી રીતે નોંધમાં કરેલા સુધારા, આગળ ઉપર કોઇ ફેરફાર થાય તે ઉપરથી કરેલા વધુ સુધારાને આધીન રહીને, આખરી અને નિર્ણયાત્મક ગણાશે.

## <u>પરિશિષ્ટ-૩</u>

સાર્વજનિક સંસ્થાનું નામ :

સાર્વજનિક સંસ્થાનો નોંધણી નંબર :

| ફેરફારનો પ્રકાર | ફેરફારના કારણો | રીમાર્કસ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| | | |

તારીખ : રીપોર્ટીંગ ટ્રસ્ટીની સહી અને સરનામું.

**કલમ-૨૨ અન્વયે રજુ કરવાના દસ્તાવેજી પુરાવાઓ :-**

(૧) મરણના દાખલાની ઝેરોક્ષ નકલ.

(૨) રાજીનામું તથા રાજીનામું આપનારનું સોગંદનામું.

(૩) ટ્રસ્ટીમંડળના ઠરાવની નકલ.

(૪) નવા આવનાર ટ્રસ્ટીઓના સંમતિપત્ર, સોગંદનામા તથા ઓળખના પુરાવા.

(૫) રીપોર્ટીંગ ટ્રસ્ટીનું સોગંદનામું.

(૬) સ્થાવર મિલકતના રેવન્યુ રેકર્ડના આધાર પુરાવા.

(૭) અધિનિયમની કલમ-૩૬ અન્વયે ચેરિટી કમિશનશ્રીના મંજુરી હુકમની નકલ.

**કલમ-૨૨(એ) : નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને કરવાની વધુ તપાસ :-**

કલમ-૨૨ અથવા ૨૨ હેઠળના રજિસ્ટરમાં નોંધો કરવામાં આવે તે પછી કોઇપણ સમયે નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને એમ લાગે કે યથાપ્રસંગ, કલ ૧૯ અથવા કલમ ૨૨ ની પેટા કલમ (૩) હેઠળ તપાસનો વિષય ન હોય તેવી કોઇપણ સાર્વજનિક ટ્રસ્ટને લગતી કોઇ વિગતમાં તપાસ કરવાની બાકી રહી છે, તો યથાપ્રસંગ નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનર ઠરાવેલી રીતે વધુ તપાસ કરી શકશે, તેના ચુકાદાની નોંધ કરી શકશે અને આપવામાં આવેલ નિર્ણય અનુસાર અથવા આ અધિનિયમ અનુસાર અપીલો અથવા અરજીઓ ઠરાવ્યા પ્રમાણે કરવામાં આવે, તો આ અધિનિયમ અનુસાર ઠરાવેલ સત્તા ધરાવતા અધિકારીના નિર્ણય અનુસાર રજિસ્ટરમાં નોંધો કરી શકશે. કલમો ૧૯, ૨૦, ૨૧ અને ૨૨ ની જોગવાઇઓ, બને ત્યાં સુધી આ કલમ હેઠળ તપાસ ચુકાદાની નોંધ કરવા અને રજિસ્ટરમાં નોંધો કરવા બાબતમાં લાગુ પડશે.

**કલમ-૩૨ : હિસાબ રાખવા બાબત :-**

(૧) સાર્વજનિક ટ્રસ્ટના દરેક ટ્રસ્ટીઓ નિયમિત હિસાબ રાખવા જોઇશે.
(૨) આવા હિસાબો ચેરિટી કમિશનર મંજુર કરે તે નમૂનામાં રાખવા જોઇશે અને ઠરાવવામાં આવે તે બાબતોનો તેમાં સમાવેશ કરવો જોઇશે.

**કલમ-૩૩ : હિસાબોનું સરવૈયું કાઢવા અને ઓડિટ કરવા બાબત :-**

(૧) કલમ ૩૨ હેઠળ રાખેલા હિસાબોનું દરેક વર્ષના માર્ચ મહિનાની ૩૧મી તારીખે અથવા ચેરિટી કમિશનર નક્કી કરે તેવા બીજા દિવસે સરવૈયું કાઢવું જોઇશે.
(૨) હિસાબો ઠરાવવામાં આવે તે રીતે અને તેવી વ્યકિત પાસે અથવા આ અર્થે રાજય સરકારે જેમને અધિકૃત કરી હોય તેવી વ્યકિતઓ પાસે દર વર્ષે ઓડીટ કરાવવા જોઇશે.
(૩) પેટા કલમ-(૨) હેઠળ કાર્ય બજાવતા દરેક ઓડિટરે હિસાબો અને કબજામાં અથવા તેના નિયંત્રણ હેઠળના તમામ ચોપડાઓ, વાઉચરો, બીજા દસ્તાવેજો અને પત્રકો જોઇ શકશે.
(૪) ઉપરની પેટા કલમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં --
(ક) ચેરિટી કમિશનરના અભિપ્રાયમાં કોઇ સાર્વજનિક ટ્રસ્ટના હિસાબનું ખાસ ઓડીટ કરવાનું જરૂરી જણાય ત્યારે તેઓ એવું ખાસ ઓડીટ કરવાનું ફરમાવી શકશે. પેટા કલમો(૨) અને (૩) ની જોગવાઇઓ, લાગુ પાડી શકાય ત્યાં સુધી આવા ખાસ ઓડીટને લાગુ પડશે. ચેરિટી કમિશનર આવી ખાસ ઓડીટ માટે ઠરાવવામાં આવે તેવી ફી આપવાનું ફરમાવી શકશે.
(ખ) રાજય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમો બહાર પાડીને તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે શરતોને આધીન રહીને પેટા કલમ(૨) ની જોગવાઇઓમાંથી કોઇ સાર્વજનિક ટ્રસ્ટ અથવા સાર્વજનિક ટ્રસ્ટોના વર્ગને મુકત રાખી શકશે.

**કલમ-૩૪ : સરવૈયું તૈયાર કરવાની અને અનિયમતતા વગેરે જણાવવાની ઓડીટરની ફરજ :-**

(૧) કલમ ૩૩ હેઠળ સાર્વજનિક ટ્રસ્ટના હિસાબનું ઓડીટ કરતા દરેક ઓડીટરની ફરજ છે કે તેણે સરવૈયું તેમજ આવક અને જાવકનો હિસાબ તૈયાર કરવા જોઇશે અને તેની નકલ તે પ્રદેશ અથવા પેટા-પ્રદેશના નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને અથવા ચેરિટી કમિશનર ફરમાવે, તો ચેરિટી કમિશનરને મોકલવી જોઇશે.
(૨) ઓડીટરે પોતાના હેવાલમાં અનિયમિત, ગેરકાયદેસર અથવા અયોગ્ય ખર્ચના, અથવા તે સાર્વજનિક ટ્રસ્ટના પૈસા અથવા બીજી મિલકત વસુલ કરવામાં નિષ્ફળ જવાના અથવા ચૂક કરવાના અથવા તેના પૈસા અથવા બીજી મિલકત ગુમાવ્યા અથવા બગાડયાના તમામ કેસો બતાવવા જોઇશે અને એવો ખર્ચ, નિષ્ફળતા, ચૂક, અથવા બગાડ ટ્રસ્ટીના અથવા બીજી કોઇ વ્યકિતના પક્ષે વિશ્વાસ ભંગ અથવા ગેરઉપયોગ અથવા બીજા કોઇ ગેરવર્તનના પરિણામે થયો હતો કે કેમ તે જણાવવું જોઇશે.

**કલમ-૩૫ : સાર્વજનિક ટ્રસ્ટના પૈસાનું રોકાણ :-**

(૧) ટ્રસ્ટની મિલકત પૈસાની બનેલી હોય અને સાર્વજનિક ટ્રસ્ટના હેતુઓ માટે તુરત અથવા કોઇ વહેલી તારીખે ઉપયોગમાં લઇ શકાય તેમ ન હોય ત્યારે

ભારત રીઝર્વ બેન્ક અધિનિયમ, ૧૯૩૪ માં વ્યાખ્યા આપેલી કોઇ અનુસુચિત બેન્કમાં, પોસ્ટલ સેવિંગ બેન્કમાં અથવા રાજય સરકારે સદરહુ હેતુ માટે મંજુર કરેલી સહકારી બેન્કમાં નાણાં અનામત મુકવાને અથવા તે સરકારી જામીનગીરીઓમાં રોકવાને ટ્રસ્ટી બંધાયેલો છે.

પરંતું મિલકતનો અમુક વરસની મુદત માટે પટ્ટો આપ્યો ન હોય અને મિલકતની કિંમત ગીરો રાખેલા પૈસાના અર્ધાથી વધુ હોય તો, ભારતના કોઇપણ ભાગમાં આવેલી સ્થાવર મિલકતના પહેલા ગીરોમાં આવા પૈસાનું રોકાણ થઇ શકશે.

વધુમાં ચેરિટી કમિશનર, સામાન્ય અથવા ખાસ હુકમથી, કોઇપણ સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટીને અથવા એવા ટ્રસ્ટીઓના વર્ગને તે પૈસા બીજી કોઇપણ રીતે રોકવાની પરવાનગી આપી શકશે.

(૨) પેટા કલમ (૧) માંના કોઇપણ મજકુરથી, ટ્રસ્ટના લેખમાં આપેલી સુચના અનુસાર મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ (સુધારા) અધિનિયમ, ૧૯૫૪ અમલમાં આવે તે પહેલા અગાઉ કરેલું કોઇ રોકાણ અથવા મુકેલી અનામતને અસર થશે નહીં.

પરંતું સદરહુ અધિનિયમ અમલમાં આવે ત્યારે અથવા તે પછી આવા રોકાણ અથવા અનામતમાંથી મળેલ અથવા પ્રા થતું કોઇ વ્યાજ અથવા ડીવીડન્ડ અથવા સદરહુ રોકાણ અથવા અનામતની મુદત પાકયેથી કોઇ રકમનો પેટા કલમ-(૧) માં ઠરાવેલી રીતે ઉપયોગ કરવો જોઇશે અથવા તેનું રોકાણ કરવું જોઇશે.

**કલમ-૩૫ અન્વયે સરળ સમજ :-**

(૧) સાર્વજનિક ટ્રસ્ટના ફાજલ નાણાં ટ્રસ્ટના હેતુઓ માટે તુરત અથવા વહેલા ઉપયોગમાં લઇ શકાય તેમ ન હોય ત્યારે, ટ્રસ્ટીઓએ, તેવા ફાજલ નાણાંનું રોકાણ અનુસુચિત બેંકમાં, પોસ્ટલ સેવીંગ્સ બેંકમાં અથવા રાજય સરકારે, કલમ-૩૫ અન્વયે મંજુર કરેલી સહકારી બેંકમાં અથવા સરકારી જામીનગીરીઓમાં જ રોકી શકાય છે.

(૨) તે સિવાય, કોઇ ટ્રસ્ટીએ અન્ય રીતે રોકાણ કરવું હોય તો તે માટે ચેરિટી કમિશનર કે સંયુકત ચેરિટી કમિશનરશ્રી પાસેથી મંજુરી મેળવ્યા બાદ જ રોકાણ થઇ શકે છે.

(૩) શકય હોય ત્યાં સુધી ટ્રસ્ટના નાણાંનો ઉપયોગ ટ્રસ્ટના નોંધાયેલા હેતુઓ માટે જ કરવો જોઇએ.

**કલમ-૩૫ અન્વયે રજુ કરવાના દસ્તાવેજી પુરાવાઓ :-**

(૧) જે કંપની , બેંક કે સંસ્થામાં રોકાણ કરવાનું હોય તેની વિગત.

(૨) રોકાણ પર મળનાર કમિશનની વિગત.

(૩) રોકાણનો પ્રકાર, રોકાણની રકમ, રોકાણની મુદત, રોકાણ પર મળનાર વ્યાજનો દર.

(૪) રોકાણ માટે ટ્રસ્ટીમંડળે કરેલ ઠરાવની પ્રમાણિત નકલ.

(૫) અરજીની તારીખે કરેલ રોકાણની વિગતો.

(૬) અરજીની તારીખે ટ્રસ્ટનું બેંક બેલેન્સ. ટ્રસ્ટના છેલ્લા ત્રણ વર્ષના હિસાબની નકલ.

**કલમ-૩૬ : સાર્વજનિક ટ્રસ્ટની સ્થાવર મિલકત તબદીલ કરવા બાબત :-**

(૧) ટ્રસ્ટના લેખમાં ગમે તે મજકુર હોય તે છતાં --
ચેરિટી કમિશનરની અગાઉથી મંજુરી મેળવ્યા વગર, સાર્વજનિક ટ્રસ્ટની માલિકીની
(ક) કોઇ સ્થાવર મિલકતનું કોઇ વેચાણ, ગીરો, વિનિમય અથવા બક્ષિસ, અને
(ખ) ખેતીની જમીન બાબતમાં, ૧૦ વરસ કરતાં વધારે મુદત માટેનો પટ્ટો અથવા બિનખેતીની જમીન અથવા મકાન બાબતમાં, ૩ વરસ કરતાં વધારે મુદત માટેનો પટ્ટો કાયદેસર ગણાશે નહીં.

(૨) પેટા કલમ-(૧) હેઠળ ચેરિટી કમિશનરનો નિર્ણય ટ્રસ્ટીઓને મોકલવો જોઇશે અને ઠરાવવામાં આવે તે રીતે પ્રસિધ્ધ કરવો જોઇશે.

(૩) આવા નિર્ણયથી નારાજ થયેલી કોઇ વ્યકિત, નિર્ણયની પ્રસિધ્ધિની તારીખથી ત્રીસ દિવસની અંદર, ગુજરાત મહેસુલ ટ્રિબ્યુનલને અપી કરી શકશે.

(૪) આવો નિર્ણય, પેટા કલમ-(૩) ની જોગવાઇઓને આધીન રહીને, આખરી ગણાશે.

**કલમ-૩૬ અન્વયે સરળ સમજ :-**

(૧) ચેરિટી કમિશનરશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા વગર કોઇ સાર્વજનિક ટ્રસ્ટની સ્થાવર મિલકતની તબદીલી કાયદેસરની બનતી નથી.

(૨) ખેતીની જમીન માટે દસ વર્ષ કરતાં વધારે મુદત માટે અને બિનખેતીની જમીન અથવા મકાન બાબતે, ત્રણ વર્ષ કરતાં વધારે મુદત માટેનો પટ્ટો (લીઝ), પુર્વમંજુરી સિવાય કાયદેસરની ગણાતી નથી.

(૩) સદર અધિનિયમમાં, પ[illegible]ાતવર્તી અસરથી મંજુરી આપવાની એટલે કે કાર્યોત્તરી પરવાનગી આપવાની જોગવાઇ નથી.

(૪) કલમ-૩૬ અન્વયેની અરજી સંયુકત ચેરિટી કમિશનર કે ચેરિટી કમિશનર સમક્ષ જ દાખલ થઇ શકે છે નાયબ કે મદદનીશ ચેરિટી કમિશનરશ્રીને કલમ-૩૫ કે કલમ-૩૬ ની અરજી અન્વયે નિર્ણય કરવાની સત્તા અને હકુમત આપેલી નથી.

(૫) ચેરિટી કમિશનરે કલમ-૩૬ અન્વયે, મંજુરી આપેલ હોય તો તેનો સારાંશ દૈનિકપત્રમાં જાહેર જનતાની અને હિતાધિકારીઓની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૬) કલમ-૩૬ અન્વયેના નિર્ણય સામે, ગુજરાત મહેસુલ પંચ, અમદાવાદ સમક્ષ અપીલ દાખલ કરવાની જોગવાઇ છે.

(૭) મિલકતના વેચાણ માટે, ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓએ, Compiling necessity એટલે કે ફરજીયાતપણે વેચાણ કરવું પડે તે અંગેના સંજોગો જરૂરી આધારો સાથે રજુ કરવા જરૂરી છે. આ હકીકતના સંદર્ભમાં નામદાર ગુજરાત હાઇકોર્ટનો સને ૧૯૭૮ ગુજરાત લો રીપોર્ટર પાન નં.૬૬૧ અને એ.આઇ.આર. ૧૯૭૬ સુપ્રિમકોર્ટ પાન નં.૧૮૬૦ થી પ્રસિધ્ધ થયેલો ચુકાદો અને સને ૧૯૯૩(૧) ગુજરાત લો હેરાલ્ડ પાન નં.૪૭૩ થી પ્રસિધ્ધ થયેલો શ્રી ઠાકોરભાઇ ગંગારામ વિરૂધ્ધ રમણલાલ મગનલાલ રેશમવાલાના કેસનો અને છેલ્લે નામદાર ગુજરાત હાઇકોર્ટના માનનીય ન્યાયમુર્તિશ્રી જયંત પટેલ સાહેબે આપેલો ૫ નવતનપુરી ધામ ખીજડા મંદિર, જામનગર વિરૂધ્ધ અનિલભાઇ ભગવાનજી જોબનપુત્રાના કેસમાં સ્પે.સી.એ.નં.૧૦૦૯/૦૮ ના કેસમાં તા.૨૧/૪/૦૮ ના રોજ આપેલ છેલ્લો ચુકાદો ખુબજ અગત્યનો છે અને

Compiling necessity અને તેના સંજોગો, પુરવાર ન થાય તો સાર્વજનિક ટ્રસ્ટની માલિકીની સ્થાવર મિલકતના વેચાણ માટે મંજુરી આપી શકાય નહીં. તેવો સિધ્ધાંત નકકી થયેલો છે.

**કલમ-૩૬ અન્વયે રજુ કરવાના દસ્તાવેજી પુરાવાઓ :-**

(૧) પબ્લીક ટ્રસ્ટ રજીસ્ટરની લેટેસ્ટ નકલ.
(૨) મિલકત પ્રા□િના વેચાણ દસ્તાવેજની નકલ.
(૩) છેલ્લા ત્રણ વર્ષના ઓડીટેડ એકાઉન્ટસની નકલ.
(૪) ગવર્નમેન્ટ માન્ય વેલ્યુઅરનો વેલ્યુએશન રીપોર્ટ
(૫) સરકાર માન્ય જંત્રીની નકલ.
(૬) ટ્રસ્ટીમંડળના ઠરાવની નકલ.
(૭) પરિશિષ્ટ-૧૦ ની નકલ.
(૮) મિલકત સબંધે કોઇ વાદવિવાદ પેન્ડીંગ ન હોવા અંગેનું જરૂરી સોગંદનામું.
(૯) નિયત નમુનાનું પ્રશ્નોતરી ફોર્મ.
(૧૦) મિલકત ભાડે આપેલ હોય તો છેલ્લા ત્રણ વર્ષની ભાડા પહોંચોની નકલ અને મિલકતના ટેક્ષ બીલની નકલ.
(૧૧) ભાડા કરારની નકલ.
(૧૨) ભાડે આપતા અગાઉ કલમ-૩૬ હેઠળ ચેરિટી કમિશનરશ્રીની મંજુરી મેળવેલ હોય તો તેની નકલ.

**કલમ-૩૭ : તપાસ અને તપાસણીની સત્તા :-**

(૧) ચેરિટી કમિશનરને, નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને અથવા રાજય સરકારે સામાન્ય અથવા ખાસ હુકમથી જેને અધિકૃત કર્યો હોય તેવા કોઇ અધિકારીને નીચેની સત્તા રહેશે.

(ક) સાર્વજનિક ટ્રસ્ટની માલિકીની કોઇ મિલકતમાં દાખલ થવાની અને તપાસ કરવાની અથવા દાખલ કરાવવાની અને તપાસવાની સત્તા,

(ખ) કોઇ સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટીઓની કોઇ કાર્યવાહીઓમાંથી કોઇ ઉતારા અને (ટ્રસ્ટીઓના અથવા ટ્રસ્ટીઓના વતી કોઇ વ્યકિતના કબજામાં અથવા નિયંત્રણ હેઠળ હોય તેવા કોઇ ચોપડા અથવા દસ્તાવેજો) માંગવાના અને તપાસવાની સત્તા.

(ગ) ટ્રસ્ટીઓ પાસેથી અથવા સાર્વજનિક ટ્રસ્ટ સાથે સંકળાયેલી કોઇ વ્યકિત પાસેથી પોતાને યોગ્ય હિસાબના લાગે તેવું કોઇ પત્રક, નિવેદન, હિસાબ અથવા હેવાલ માંગવાની સત્તા,

પરંતું સાર્વજનિક ટ્રસ્ટની માલિકીની કોઇ મિલકતમાં દાખલ થતી વખતે દાખલ થનારા અધિકારીએ ટ્રસ્ટીને વાજબી નોટિસ આપવી જોઇશે, અને તેણે તે ટ્રસ્ટના ધાર્મિક આચાર અથવા પ્રથાને યોગ્ય માન આપવું જોઇશે.

(૨) પેટા કલમ (૧) હેઠળની કોઇ સત્તા વાપરતા કોઇ અધિકારીને તમામ વાજબી સગવડો આપવાની દરેક ટ્રસ્ટીની ફરજ રહેશે અને સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ (અને પેટા કલમ(૧) માં ઉલ્લેખેલી વ્યકતિએ) પેટા કલમ(૧) થી અથવા તે હેઠળ તેને સોંપેલી સત્તાવાપરતી વખતે આવા અધિકારીએ કોઇ હુકમનું અથવા ફરમાનનું પાલન કરવું જોઇશે.

**કલમ-૩૮ : ઓડીટરના હેવાલ વિષે ખુલાસો :-**

કલમ-૩૪ હેઠળ ઓડીટરનો હેવાલ (અથવા કલમ-૩૭ હેઠળ અધિકૃત કરેલા અધિકારીએ કોઇ હેવાલ કર્યો હોય તો તે) મળ્યેથી, જેને હેવાલ સાદર કરવામાં આવ્યો હોય તે નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે, પોતાને યોગ્ય લાગે તેટલી મુદતની અંદર, ટ્રસ્ટી અથવા સબંધ ધરાવતી બીજી કોઇ વ્યકિતને તે વિશે ખુલાસો રજુ કરવા ફરમાવવું જોઇશે.

**કલમ-૩૯ : ચેરિટી કમિશનરને હેવાલ મોકલવા બાબત :-**

કલમ-૩૮ માં ઉલ્લેખેલ હેવાલ અને ટ્રસ્ટીઓની અથવા બીજી કોઇ વ્યકિતએ પુરા પાડેલા હિસાબ અને ખુલાસો હોય, તો તેના ઉપર વિચારણા ચલાવતા અને ઠરાવેલી રીતે તપાસ કર્યા પછી ટ્રસ્ટીઓએ અથવા બીજી કોઇ વ્યકિતએ, ભારે બેદરકારી, વિશ્વાસભંગ, ગેરઉપયોગ અથવા ગેરવર્તનનો ગુનો કર્યો છે કે કેમ અને તેને લઇને સાર્વજનિક ટ્રસ્ટને નુકશાન થયું છે કે કેમ એ સબંધી નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે, પોતાનો નિર્ણય નોંધવો જોઇશે અને તે બાબત ચેરિટી કમિશનરને હેવાલ મોકલવો જોઇશે.

**કલમ-૪૦ : કલમ-૩૯ હેઠળના હેવાલ ઉપર ચેરિટી કમિશનરનો નિર્ણય :-**

ચેરિટી કમિશનરે નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરના હેવાલ ઉપર વિચારણા કર્યા બાદ, સબંધ કરાવતી વ્યકિતને તક આપીને અને તેને યોગ્ય લાગે તેવી તપાસ કરીને, નીચેની બાબતો નકકી કરવી જોઇશે--

(ક) સાર્વજનિક ટ્રસ્ટને કરવામાં આવેલા નુકશાનની રકમ,

(ખ) આવું નુકશાન કોઇ વ્યકિતની (ભારે બેદરકારી, વિશ્વાસભંગ) ગેરઉપયોગ અથવા ગેરવર્તનના કૃત્યને લઇને થયું હતું કે કેમ,

(ગ) આવા નુકશાન માટે ટ્રસ્ટીઓનો કોઇ ટ્રસ્ટી અથવા બીજી કોઇ વ્યકિત જવાબદાર હતી કે કેમ,

(ઘ) આવા નુકશા માટે ટ્રસ્ટીઓમાંનો કોઇ ટ્રસ્ટી અથવા બીજી કોઇ વ્યકિત સાર્વજનિક ટ્રસ્ટને જે રકમ ભરવાને જવાબદાર હોય તે રકમ.

**કલમ-૪૧ : સરચાર્જનો હુકમ :-**

(૧) ચેરિટી કમિશનર એમ નકકી કરે તે ટ્રસ્ટને થયેલા નુકશાન માટે કોઇ વ્યકિત સાર્વજનિક ટ્રસ્ટને કોઇ રકમ ભરવાને જવાબદાર છે, તો ચેરિટી કમિશનર એમ ફરમાવી શકશે કે તે રકમ તે વ્યકિત પાસેથી સરચાર્જ તરીકે વસુલ કરવી જોઇશે.

(૨) કલમ-૭૨ ની જોગવાઇઓને આધિન રહીને પેટા કલમ-(૧) હેઠળ ચેરિટી કમિશનરનો હુકમ આખરી અને નિર્ણયાત્મક ગણાશે.

**કલમ-૪૧(અ) : ટ્રસ્ટીઓને અને બીજી વ્યકિતઓને સુચનો આપવાની કમિશનરની સત્તા :-**

(૧) આ અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને, ચેરિટી કમિશનર, કોઇ સાર્વજનિક ટ્રસ્ટનો યોગ્ય રીતે વહીવટ કરવામાં આવે છે અને તેની આવકનો યોગ્ય રીતે હિસાબ રાખવામાં આવે અથવા ટ્રસ્ટના ઉદ્દેશો અને હેતુઓ માટે તેનો યોગ્ય રીતે વિનિયોગ અને ઉપયોગ કરવામાં આવે છે તેની ખાતરી કરવાને, આવા ટ્રસ્ટના કોઇ ટ્રસ્ટીને અથવા તેની સો સંકળાયેલી કોઇ વ્યકિતને વખતોવખત સૂચનો આપી શકશે.

(૨) આવા દરેક ટ્રસ્ટીની અને વ્યકિતની પેટા કલમ (૧) હેઠળ તેને આપેલ સુચનનું પાલન કરવાની ફરજ રહેશે.

**કલમ-૫૦(એ) : યોજનાઓ ઘડવાની, એકત્રિત કરવાની અથવા તેમાં ફેરફાર કરવાની ચેરિટી કમિશનરની સત્તા :-**

(૧) કલમ-૫૦ માં ગમે તે મજકુર હોય તે છતાં, ચેરિટી કમિશનરને એમ માનવાને કારણ હોય કે કોઇ સાર્વજનિક ટ્રસ્ટની યોગ્ય વ્યવસ્થા અથવા વહીવટના હિતમાં, તેને માટે યોજના નકકી કરવી જોઇએ ત્યારે અથવા કોઇ સાર્વજનિક ટ્રસ્ટમાં હિતસબંધ ધરાવતી બે અથવા વધારે વ્યકિતઓ ઠરાવેલી રીતે તેને એવી લેખિત અરજી કરે કે સાર્વજનિક ટ્રસ્ટની યોગ્ય વ્યવસ્થા અથવા વહીવટના હિતમાં, તેને માટે યોજના નકકી કરવી જોઇએ ત્યારે ચેરિટી કમિશનરને, આવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓને જે કહેવું હોય તે કહેવાની વ્યાજબી તક આપ્યા પછી, એવી ખાતરી થાય કે તેમ કરવાનું જરૂરી અથવા ઇષ્ટ છે, તો તે આવા સાર્વજનિક ટ્રસ્ટની વ્યવસ્થા અથવા વહીવટ માટે યોજના ઘડી શકશે.

(૨) ચેરિટી કમિશનરનો એવો અભિપ્રાય થાય કે યોગ્ય વ્યવસ્થા અથવા વહીવટના હિતમાં, બે અથવા વધુ સાર્વજનિક ટ્રસ્ટો માટે સામાન્ય યોજના ઘડીને આવા બે અથવા વધારે સાર્વજનિક ટ્રસ્ટો એકત્રિત કરી શકાશે તો, તે --

(ક) રાજપત્રમાં અને વળી જેમાં ટ્રસ્ટ નોંધવામાં આવ્યુ હોય તે પ્રદેશમાં બહોળો ફેલાવો ધરાવતા ઓછામાં ઓછા બે વર્તમાનપત્રો (એક અંગ્રેજી અને બીજુ પ્રદેશની ભાષા) માં નોટીસ પ્રસિધ્ધ કર્યા પછી, અને

(ખ) આવા ટ્રસ્ટોના ટ્રસ્ટીઓને અને હિતસબંધ ધરાવતી બીજી તમામ વ્યકિતઓને જે કંઇ કહેવું હોય તે કહેવાની યોગ્ય તક આપ્યા પછી, તેને માટે સામાન્ય યોજના ઘડી શકશે.

3(૨ક) આ કલમ હેઠળની યોજનામાં, ટ્રસ્ટીઓની સંખ્યા, પ્રથમ ટ્રસ્ટીઓની નિમણુંક સહીત ટ્રસ્ટીઓની નિમણુંક કરવાની રીત, તેવી રીતે નિમણુંક કરેલા ટ્રસ્ટીઓમાં ટ્રસ્ટની મિલકત નિહિત થવા બાબત, ટ્રસ્ટની ખાલી પડેલી કઇ જગા ભરવાની રીત, સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી અથવા મેનેજરના મહેનતાણા બાબત અને જરૂરી હોય, ત્યાં સાર્વજનિક ટ્રસ્ટના ઉદ્દેશો સ્પષ્ટ કરવા માટે જોગવાઇ કરી શકાશે.

(૩) પેટાકલમ-(૧) અથવા પેટાકલમ-(૨) હેઠળ પોતે ઘડેલી યોજનામાં ચેરિટી કમિશનર ટ્રસ્ટીઓને સાંભળ્યા પછી, કોઇપણ સમયે ફેરફાર કરી શકશે.

(૪) પેટા કલમ-(૧) અથવા પેટા કલમ-(૨) હેઠળ ઘડેલી અથવા પેટા કલમ-(૩) હેઠળ ફેરફાર કરેલી યોજનાનો અમલ, કલમ-૭૨ હેઠળ સત્તા ધરાવતી કોર્ટના નિર્ણયને આધીન રહીને, કલમ-૫૦ હેઠળ કોર્ટના હુકમનામા હેઠળ યથાપ્રસંગે, નકકી કરેલી અથવા ફેરફાર કરેલી યોજના તરીકે થશે.

**કલમ-૫૧ : દાવો માંડવા ચેરિટી કમિશનરની સંમતિ :-**

(૧) કોઇ સાર્વજનિક ટ્રસ્ટમાં હિતસબંધ ધરાવતી વ્યકિતઓ કલમ ૫૦ માં નિર્દિષ્ટ કરેલી જાતનો દાવો ફાઇલ કરવા ઇચ્છતી હોય, તો તેમણે ચેરિટી કમિશનરે તેમની સંમતિ માટેની લેખિત અરજી કરવી જોઇશે. પક્ષકારોને સાંભળ્યા પછી અને પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, ચેરિટી કમિશનર, અરજી

કરવામાં આવી હોય તે તારીખથી છ મહીનાની મુદરતી અંદર એવો દાવો માંડવા માટે તેની સંમતિ આપી શકશે અથવા આપવાની ના પાડી શકશે. પોતાની સંમતિ ન આપવાનો ચેરિટી કમિશનરનો હુકમ લેખિત હોવો જોઇએ અને તેમાં ના પાડવાના કારણો જણાવવા જોઇશે.

(૨) દાવો માંડવા માટે પેટા કલમ-(૧) હેઠળ પોતાની સંમતિ આપવાની ચેરિટી કમિશનર ના પાડે, તો એવી સંમતિ માટે અરજી કરતી વ્યકિતઓ મુંબઇ મહેસુલ ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૩૯ હેઠળ રચેલી મહેસુલ ટ્રિબ્યુનલમાં આ અધિનિયમથી ઠરાવેલી રીતે અપીલ દાખલ કરી શકશે.

(૩) કોઇ ટ્રસ્ટમાં હિતસબંધ ધરાવતી વ્યકિતએ કલમ-૫૦ હેઠળ દાખલ કરેલા દરેક દાવામાં, ચેરિટી કમિશનર આવશ્યક પક્ષકાર થશે.

(૪) કલમ-૭૧ હેઠળ કરેલી અપીલ ઉપરના મુંબઇ મહેસુલ ટ્રિબ્યુનલના નિર્ણયને આધીન રહીને, ચેરિટી કમિશનરનો પેટાકલમ-(૧) હેઠળનો નિર્ણય આખરી નિર્ણયાત્મક ગણાશે.

**કલમ-૫૬(બી) : સાર્વજનિક સખાવતી અથવા ધાર્મિક હેતુઓને અસર કરતી બાબતવાળા કામો :-**

(૧) કોર્ટને એવું જણાય કે કોઇ દાવા અથવા કાયદેસર કાર્યવાહીમાં સાર્વજનિક, ધાર્મિક અથવા સખાવતી હેતુને અસર કરતી કોઇ બાબત સંકળાયેલી છે, તો ચેરિટી કમિશનરને નોટીસ જે આપવામાં આવે નહીં ત્યાં સુધી કોર્ટ, તેવી બાબતનો નિર્ણય કરી શકશે નહીં.

(૨) એવી નોટીસ મળ્યેથી અથવા બીજી રીતે તે અર્થે ચેરિટી કમિશનરે અરજી કર્યેથી તેવા દાવા અથવા કાર્યવાહીના કોઇપણ તબકકે તેને પક્ષકાર તરીકે દાખલ કરવો જોઇશે.

(૩) આ કલમમાં કોર્ટ એટલે યોગ્ય હકુમતવાળી કોઇપણ દીવાની કોર્ટ.

**કલમ-૫૮ : સાર્વજનિક ટ્રસ્ટો તરફથી સાર્વજનિક ટ્રસ્ટ વહીવટ ફંડમાં ફાળો :-**

(૧) દરેક સાર્વજનિક ટ્રસ્ટે દર વરસે ઠરાવવામાં આવે તે ફાળો ઠરાવવામાં આવે તે તારીખે અને તે રીતે સાર્વજનિક ટ્રસ્ટ વહીવટ ફંડમાં ભરવો જોઇશે.
પરંતું આ કલમ હેઠળ ઠરાવવામાં આવેલો ફાળો --

(૧) ધર્માદાની બાબતમાં, ધર્માદાના કુલ વાર્ષિક ફાળાના અથવા આવકના પ્રમાણમાં હોય તે દરોએ ઠરાવવો જોઇશે.

(૨) બીજા સાર્વજનિક ટ્રસ્ટોની બાબતમાં, એવા સાર્વજનિક ટ્રસ્ની કુલ વાર્ષિક આવકના પ્રમાણમાં હોય તે દરોએ ઠરાવવો જોઇશે.

પરંતું એવા દાવો અથવા ભેટો જે વર્ષમાં આપ્યા અથવા કરી હોય તે પછીના વર્ષોમાં તેનું જે વ્યાજ અથવા આવક મળે તે કુલ વાર્ષિક આવક ગણતી વખતે લક્ષમાં લેવું જોઇએ.

**કલમ-૬૬ : શિક્ષા :-**

જે કોઇ વ્યકિત નીચે જણાવેલા કોઠાના પહેલા કોલમમાં નિર્દિષ્ટ કરેલી કોઇ કલમની જોગવાઇનું ઉલ્લંઘન કરે, તેને દોષિત ઠર્યેથી એવા દરેક ગુના માટે સદરહુ કોઠાના ત્રીજા કોલમમાં એ અર્થે જણાવેલી રકમ સુધીના દંડની શિક્ષા થશે.

**કોઠો**

| કલમ | વિષય | કેટલો દંડ કરી શકાય તે |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| કલમ-૧૮ ની પેટા કલમો (૧) અને (૪) કલમ-૧૮ ની પેટા કલમ (૭) કલમ-૨૨ | સાર્વજનિક ટ્રસ્ટની નોંધણી માટે નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને સમયસર અરજી કરવાની ટ્રસ્ટીની ફરજ, કેટલાક અધિકારીઓ અને સત્તા મંડળોને સ્થાવર મિલકતની યાદી સમયસર મોકલવાની ટ્રસ્ટીની ફરજ. ફેરફાર બાબત રિપોર્ટ ન કરે તો. | ૧,૦૦૦ ૨૦૦ ૧,૦૦૦ |
| કલમ-૨૨-ખ | ઠરાવેલા સમયમાં અરજી ન કરે તો | ૫૦૦ |
| કલમ-૨૨-ગ | ઠરાવેલા સમયમા યાદી ન મોકલે તો | ૧૦૦ |
| કલમ-૨૯ | ઠરાવેલા વખત દરમિયાન સાર્વજનિક ટ્રસ્ટની નોંધણી માટે અરજી કરવાની વિલના એકઝીક્યુટરની ફરજ | ૧,૦૦૦ |
| કલમ-૩૨ | નિયમિત હિસાબ રાખવાની ફરજ | ૧,૦૦૦ |
| કલમ-૩૫ | સરકારી જામીનગીરીઓમાં નાણા ન રોકે અથવા રોકવામાં લોપ કરે. | ૧,૦૦૦ |
| કલમ-૫૯ | (ચેરિટી કમિશનર સિવાયના) ટ્રસ્ટીની (અથવા ધર્માદા લેનાર અથવા ઉઘરાવનાર વ્યકિત) કલમ-૫૮ હેઠળ ફાળો ન કરે. | ૧,૦૦૦ |
| કલમ-૬૩ | એસેસરને હાજર રહેવા માટે ફરમાવવા બાબત | ૫૦૦ |

પરંતું જે ટ્રસ્ટી આ કલમ હેઠળ અગાઉ દોષિ ઠર્યો હોય તે ટ્રસ્ટીના કોર્ટના ફેંસલામાં નોંધેલા વિરૂધ્ધ પુરતા કારણો હોય તે સિવાય ઓછામાં ઓછા રૂા.૩૦૦ સુધીના દંડની અથવા સદરહુ કોઠામાં અર્થે જણાવેલી રકમથી ઓછી ન હોય તેટલી રકમના દંડની, એ બેમાંથી જે ઓછી હોય તેની શિક્ષા થશે.

**કલમ-૬૭ : બીજા ગુનાઓ :-**

જે કઇ વ્યકિત આ અધિનિયમની અથવા નિયમોની કોઇ જોગવાઇનું ઉલ્લંઘન કરે (અથવા ચેરિટી કમિશનરે, સંયુકત ચેરિટી કમિશનરને અથવા નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે આ અધિનિયમની જોગવાઇઓ પૈકી કોઇ જોગવાઇ હેઠળ કરેલા કોઇ હુકમ અથવા સુચનનું વાજબી કારણ સિવાય પાલન ન કરે) અને તેને માટે આ અધિનિયમમાં કોઇ ખાસ શિક્ષાની જોગવાઇ કરી ન હોય, તો તેને, દોષિત ઠર્યેથી રૂા.૫૦૦ સુધીના દંડની શિક્ષા થશે.

**કલમ-૭૦ : નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરના નિર્ણય ઉપર અપીલ :-**

(૧) નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરના (નિર્ણય અથવા હુકમ ઉપર) નીચેના પ્રસંગે ચેરિટી કમિશનરને અપીલ થઇ શકશે :-
   (ક) કલમ-૨૦ હેઠળનો નિર્ણય
   (ખ) કલમ-૨૨ હેઠળનો નિર્ણય

(ખ-૧)કલમ-૨૨-ક હેઠળનો ચુકાદો.
(ગ) કલમ-૨૮ હેઠળનો નિર્ણય
(ઘ) કલમ-૫૪ ની પેટા કલમ-(૩) હેઠળનો હુકમ

(૨) યથા પ્રસંગ, નિર્ણય નોંધાયા અથવા હુકમ કર્યા પછી સાઠ દિવસ પુરા થયા પછી કોઇ અપીલ ચાલશે નહીં.

(૩) ચેરિટી કમિશનર, અપીલ કરનારને અથવા તેના વતી હાજર થયેલી કોઇ વ્યકિતને સાંભળ્યા પછી, કારણોની લેખિત નોંધ કરીને, જેના ઉપરથી અપીલ થઇ હોય તે નિર્ણયને અથવા હુકમને રદ કરવા, ફેરવવા, સુધારવા અથવા બહાલી આપવાને અથવા તેને જરૂરી લાગે તેવી વધુ તપાસ કરવા માટે અથવા તેવો વધારાનો પરાવો લેવા માટે નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને ફરમાવી શકશે અથવા પોતે જાતે એવો વધારાનો પુરાવો લઇ શકશે.

**કલમ-૭૦(અ) : ચેરિટી કમિશનરે નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનર સમક્ષના રેકર્ડો અને કાર્યવાહી મંગાવવી અને તપાસવી :-**

(૧) કલમ-૭૦ માં જણાવેલા સંજોગોમાં ચેરિટી કમિશનર, નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશરને નોંધેલા ચુકાદા અથવા કરેલા હુકમના ખરાપણા બાબત પોતે ખાતરી કરવાના હેતુ માટે કોઇ નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનર સમક્ષના આવા કેસા દફતર અને કાર્યવાહી મંગાવી શકશે અને તપાસી શકશે અને સદરહુ ચુકાદો અથવા હુકમ રદ કરી શકશે, તે ફેરવી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા તે બહાલ રાખી શકશે અથવા નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનર પોતાને જરૂરી લાગે તેવી વધુ તપાસ કરવાનું અથવા તેવી વધારાની જુબાની લેવાનું ફરમાવી શકશે અથવા તે પોતે આવી વધારાની જુબાની લઇ શકશે.

પરંતું ચેરિટી કમિશનર, તેનાથી વધારે અસર પહોંચેલા પક્ષકારને જે કહેવું હોય તે કહેવાની તક આપ્યા સિવાય, કોઇ હુકમ નોંધી શકશે નહીં અથવા હુકમ કરી શકશે નહીં.

(૨) પેટા કલમ (૧) માંના કોઇપણ મજકુરથી --

(ક) કલમ-૭૦ હેઠળની અપીલ એવા કોઇ કેસમાં મદદનીશ અથવા નાયબ ચેરિટી કમિશનરે નોંધેલા કોઇ ચુકાદા સામે થઇ શકે તે મુદત દરમિયાન, આવા કોઇ કેસનું દફતર મંગાવવાને અને તપાસવાને, અથવા

(ખ) કલમ-૭૦ અથવા ૭૧ હેઠળ કરેલી અપીલમાં અથવા કલમ-૭૨ હેઠળની અરજી ઉપરથી હુકમ કરવામાં આવ્યો હય તેવા કોઇ કેસનું દફતર મંગાવવાને અને તપાસવાને, ચેરિટી કમિશનર હકદાર થશે નહીં.

**કલમ-૭૨ : કલમ-૪૦, ૪૧, ૫૦-એ, ૭૦ અથવા ૭૦-એ વગેરે હેઠળના ચેરિટી કમિશનરના નિર્ણય ઉપર અરજી :-**

(૧) કલમ-૪૦, ૪૧ અથવા ૫૦-એ, ૭૦ અથવા ૭૦-એ હેઠળના અથવા કોઇ મિલકત એવા ટ્રસ્ટની મિલકત છે કે નહીં તે પ્રશ્નો અંગે ચેરિટી કમિશનરના નિર્ણયથી નારાથ થયેલી કોઇ વ્યકિત તે નિર્ણયની તારીખથી સાઠ દિવસની અંદર, સદરહુ નિર્ણય રદ કરવા માટે કોર્ટને અરજી કરી શકશે.

(ક) નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે અથવા ચેરિટી કમિશનરે જે પુરાવા સ્વીકારવા જોઇએ તે સ્વીકારવાની ના પાડી હોય અથવા

કોર્ટે ફેંસલો આપી શકે તે માટે તે કોર્ટ કોઇ દસ્તાવેજ રજુ કરવાનું અથવા કોઇ સાક્ષીની જુબાની લેવાનું .રમાવે અથવા બીજા કોઇ મહત્વના કારણ માટે કોર્ટને આવો વધારાનો પુરાવો આપવા દેવાનું જરૂરી લાગે તે સિવાય, આવી અરજીના કોઇ પક્ષકાર કોર્ટ સમક્ષ વધારાની જુબાની, પછી તે મૌખિક હોય કે દસ્તાવેજી હોય તો પણ, રજુ કરવાને હકદાર થશે નહીં. પરંતું કોર્ટ વધારાની જુબાની રજુ કરવા દે ત્યારે કોર્ટે તેના સ્વીકારવાના કારણો નોંધવા જોઇશે.

(૨) કોર્ટ (કોઇ પુરાવો હોય તે લીધા પછી) તે નિર્ણય બહાલ રાખી શકશે, તે રદ કરી શકશે અથવા સરચાર્જની રકમ માફ કરી શકશે અને ખરચ સબંધમાં સંજોગો મુજબ તેને યોગ્ય લાગે તેવો હુકમો કરી શકશે.

(૩) નારાજ થયેલી વ્યકિત મનાઇ હુકમ માટે પ્રથમ દર્શનીય હકીકત રજુ કરે, તો પેટા કલમ-(૨) હેઠળની અરજીનો નિકાલ થાય ત્યાં સુધી, સરચાર્જ માટેની તમામ કાર્યવાહીઓ તહકૂબ રાખવી જોઇશે.

(૩) પેટા કલમ-(૨) હેઠળના કોર્ટના નિર્ણય વિરૂધ્ધ, એવો નિર્ણય જેની પર સામાન્ય રીતે અપીલ થઇ શકે એવું હુકમનામું હોય તેમ, હાઇકોર્ટને અપી થઇ શકશે.

**કલમ-૮૦ : હકુમતની મર્યાદા :-**

આ અધિનિયમમાં સ્પષ્ટ રીતે જોગવાઇ કરી હોય તે સિવાય, આ અધિનિયમથી અથવા તે હેઠળ કોઇ અધિકારીએ અથવા સત્તામંડળે આ અધિનિયમ હેઠળ જેનો નિર્ણય અથવા નિકાલ કરવાનો હોય અથવા જેના સબંધમાં એવા અધિકારી અથવા સત્તામંડળનો નિર્ણય અથવા હુકમ આખરી અને નિર્ણાયક ગણવાનો હોય તેવા કઇ પ્રશ્નનો નિર્ણય અથવા નિકાલ કરવાની હકુમત કોઇપણ દીવાની કોર્ટને રહેશે નહીં.

**કલમ-૮૩ : ફોજદારી કાર્યવાહી માટે ચેરિટી કમિશનરની અગાઉથી સંમતિ લેવી જરૂરી છે :-**

આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે કોઇ ફોજદારી કાર્યવાહી ચેરિટી કમિશનરની અગાઉથી સંમતિ લીધા સિવાય, કરી શકાશે નહીં.

**<u>ધ્યાનમાં રાખવાના સામાન્ય મુદ્દા</u> :-**

(૧) સાર્વજનિક ટ્રસ્ટની નોંધણી ફરજીયાત છે. નોંધણી ન કરાવવાથી ટ્રસ્ટી કે વહીવટકર્તા કે મેનેજર દંડને પાત્ર બને છે.

(૨) વડોદરા શહેરના નાગરિકો અને ટ્રસ્ટીઓ માટે ગૌરવની વાત છે કે, જે તે વખતના વડોદરા રાજયમાં, સાર્વજનિક ટ્રસ્ટો અને દેવસ્થાનોના વહીવટ માટે "The Baroda Public Institutions Act (Baroda Act No.VI of Samvat 1961.)" કાયદો અમલમાં હતો અને તેવા કાયદા સહીત અન્ય સાત જેટલા દેવસ્થાનો અને સખાવતી સંસ્થાઓને લગતા કાયદાઓનો અભ્યાસ કર્યા બાદ, ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ નો મુસદ્દો તૈયાર કરવામાં આવેલો હતો.

(૩) કલમ-૨૨ અન્વયે, ફેરફાર થયાથી અથવા કરવા ધારેલો ફેરફાર નોંધાવવા માટે, દિન-૯૦ માં નિયત નમુનામાં, જરૂરી દસ્તાવેજી પુરાવાઓ અને આધાર સાથે, ફેરફાર રીપોર્ટ, સબંધિત જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરીમાં રજુ કરવો

ફરજીયાત છે. તેમ ન કરવાથી જવાબદાર ટ્રસ્ટી અને વહીવટકર્તાને રૂા.૧૦૦૦/- સુધીનો દંડ કરવાની જોગવાઇ છે.

(૪) સદર અધિનિયમમાં કોર્ટ એટલે જે તે જિલ્લાની ડીસ્ટ્રીકટ કોર્ટ અને અમદાવાદ શહેર માટે સીટી સીવીલ કોર્ટ તેવો અર્થ ગણવાનો છે.

(૫) કલમ-૩ર ની જોગવાઇ પ્રમાણે, દરેક ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીએ ટ્રસ્ટના રોજબરોજના હિસાબ નિયમિત રીતે રાખવાના હોય છે અને કલમ-૩૩ ની જોગવાઇ પ્રમાણે વર્ષ પુરૂ થયા બાદ સપ્ટેમ્બર માસની ૩૦ તારીખ સુધીમાં ઓડીટ કરાવીને તેનો ઓડીટ રીપોર્ટ જે તે જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરીમાં રજુ કરવો ફરજીયાત છે. સદર કલમ-૩ર ના ભંગ બદલ રૂા.૧૦૦૦/- સુધીના દંડની જોગવાઇ છે.

(૬) કલમ-૩૪ ની જોગવાઇ પ્રમાણે, જે તે ઓડીટરશ્રીએ, ટ્રસ્ટના ઓડીટ કરેલા રીપોર્ટ, ઓડીટ કર્યાની તારીખથી દિન-૧૫ માં નિયત નમુનામાં જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરીમાં રજુ કરવા ફરજીયાત છે. જેથી કલમ-૩૪ અન્વયેની જવાબદારી બાબતે ઓડીટરશ્રીઓએ વિશેષ કાળજી લેવી જોઇએ.

(૭) કલમ-૩૪(ર) ની જોગવાઇ પ્રમાણે ઓડીટરશ્રીએ તેમના ઓડીટ રીપોર્ટમાં, હિસાબી બાબતોએ કોઇ અનિયમિતતા, ગેરકાયદેસરતા, અથવા અયોગ્ય ખર્ચ અથવા નાણાંનું અનઅધિકૃત રોકાણ કે અનઅધિકૃત તબદીલી કે ટ્રસ્ટને નુકશાની થયેલી જણાતી હોય કે કોઇ વ્યકિતના પક્ષે વિશ્વાસભંગ અથવા ગેરઉપયોગ અથવા બીજા કોઇ ગેરવર્તનના કારણે ટ્રસ્ટને નુકશાન કે અહિત થયેલું હોય તો તે, રીમાર્કસના કોલમમાં સ્પષ્ટ રીતે દર્શાવવું ફરજીયાત છે. આ જોગવાઇ બાબતે કલમ-૩૪(૧) માં "It shall be duty of every auditor.. .." અને ૩૪(ર) ની જોગવાઇ પ્રમાણે "The auditor shall in his repost specify all cases of irregular,.. .. .." આ બંને બાબતોએ દરેક ઓડીટરશ્રીઓએ વિશેષ કાળજી લેવી જોઇએ જેથી સીધી કે આડકતરી રીતે ભવિષ્યમાં કોઇ જવાબદારી કે તકલીફમાં મુકાવું ના પડે.

(૮) કલમ-૩૫ ની જોગવાઇના ભંગ બદલ, ટ્રસ્ટીશ્રીને રૂા.૧૦૦૦/- સુધીના દંડની જોગવાઇ છે.

(૯) કલમ-૩૬ ની પુર્વમંજુરી સિવાયની મિલકતની તબદીલી કદીએ કાયદેસર બનતી નથી.

(૧૦) ટ્રસ્ટભંગના કૃત્ય બદલ કોઇપણ હિતાધિકારી, અધિનિયમની કલમ-૫૦ અન્વયે ટ્રસ્ટ સ્યુટ દાખલ કરવા માંગતા હોય તો તે અગાઉ, તેવા હિતાધિકારીઓએ, કલમ-૫૧ અન્વયે ચેરિટી કમિશનર કે સંયુકત ચેરિટી કમિશનરશ્રીની સંમતિ લેવી ફરજીયાત છે. કોઇપણ અદાલત, સંમતિના શેરા સિવાય, કોઇપણ સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી સામે, કલમ-૫૦ અન્વયેનો દાવી સ્વીકારી કે દાખલ કરી શકતી નથી. આ પ્રમાણે કલમ-૫૧ ની જોગવાઇથી ટ્રસ્ટીઓના શુધ્ધબુધ્ધિના કૃત્યોને, આ કાયદાથી રક્ષણ મળેલું છે.

(૧૧) કોઇ સંજોગોમાં ટ્રસ્ટના નોંધાયેલા હેતુઓ મુજબ જ, ટ્રસ્ટના નાણાંનો ઉપયોગ થઇ શકે તેમ ના હોય તો ટ્રસ્ટીશ્રીઓને, કલમ-૫૫ થી સદૃશ હેતુઓ (Cypres) અંગેની જોગવાઇનો લાભ મળે છે તે માટે ડીસ્ટ્રીકટ કોર્ટમાં જરૂરી કાર્યવાહી થઇ શકે છે.

(૧ર) કલમ-૫૬(બી) ની જોગવાઇ પ્રમાણે કોઇપણ અદાલત કે ઓથોરીટી સમક્ષ, કોઇપણ ધાર્મિક કે સખાવતી હેતુ લગતનો કોઇ વિવાદ દાખલ થાય તો તેવા સંજોગોમાં જયાં સુધી ચેરિટી કમિશનર, ગુજરાત રાજય, અમદાવાદને તેવી સીવીલ કોર્ટ કે ઓથોરીટી સુનાવણી માટેની નોટીસ ઇસ્યુ ન કરે ત્યાં સુધી કોઇપણ પ્રકારની આગળની કાર્યવાહી કરી શકતી નથી. સીધી કે આડકતરી

રીતે આ જોગવાઇથી, ચેરિટી કમિશનરશ્રીને સુનાવણી માટેની જાણ કર્યા સિવાય સીવીલ કોર્ટ અને અન્ય ઓથોરીટીઓની સત્તાઓ ઉપર, આડકતરી રીતે નિયંત્રણ લાદવામાં આવેલું છે. તેવી જોગવાઇથી પણ ટ્રસ્ટ અને ટ્રસ્ટની મિલકતો અને ટ્રસ્ટીઓને રક્ષણ મળે છે.

(૧૩) કલમ-૫૮ અન્વયે વહીવટી ફાળાની રકમ જમા કરાવવાની જવાબદારી ટ્રસ્ટીઓની છે અને તે પ્રમાણે રકમ જમા ન કરાવવાથી કલમ-૫૯(૧) ની જોગવાઇ પ્રમાણે રૂા.૧૦૦૦/- સુધીનો દંડ અને કલમ-૫૯(૨) ની જોગવાઇ પ્રમાણે ટ્રસ્ટના બેંક ખાતાઓમાંથી તેવી રકમ વસુલ મેળવી લેવા માટેના હુકમો કરવાની સત્તા ચેરિટી કમિશનર કે સંયુકત ચેરિટી કમિશનરને મળેલી છે.

(૧૪) સદર અધિનિયમની કલમ-૮૦ ની જોગવાઇથી, સદર અધિનિયમ અન્વયે નિમાયેલી ઓથોરીટીઓ એટલે કે ચેરિટી કમિશરન, સંયુકત ચેરિટી કમિશનર કે નાયબ/મદદનીશ ચેરિટી કમિશનર જે વિવાદોનો નિર્ણય કરવાની સત્તાઓ ધરાવે છે તેવા કોઇ વિવાદ બાબતે કોઇપણ સીવીલ કોર્ટમાં કોઇપણ પ્રકારનો વિવાદ દાખલ થઇ શકતો નથી. એટલે કે તેવા વિવાદો બાબતે નિર્ણય કરવાની સત્તા અને હકુમત કોઇપણ સીવીલ કોર્ટને પહોંચતી નથી.

(૧૫) કલમ-૮૩ સદર અધિનિયમની જોગવાઇઓના ભંગ બદલ નાયબ કે મદદનીશ ચેરિટી કમિશનરશ્રીએ તેવા જવાબદાર ટ્રસ્ટીઓ સામે, ફોજદારી કેસ દાખલ કરવાની જરૂર હોય તો તેવા સંજોગોમાં, અધિનિયમની કલમ-૮૩ અન્વયે પ્રોસીકયુશન દાખલ કરતાં અગાઉ મંજુરી મેળવવા માટેનો અહેવાલ ચેરિટી કમિશનર કે સંયુકત ચેરિટી કમિશનરશ્રીને મોકલવાનો હોય છે અને પ્રોસીકયુશન દાખલ કરવા માટેની મંજુરી મળ્યા બાદ જ જે તે જિલ્લાના નાયબ કે મદદનીશ ચેરિટી કમિશનર, તેવા ટ્રસ્ટીઓ સામે, ફોજદારી કોર્ટમાં ફોજદારી કેસ દાખલ કરી શકે છે. આ જોગવાઇ પણ ટ્રસ્ટીઓને, તેમના શુધ્ધ બુધ્ધિપુર્વકના કૃત્યો માટે રક્ષણ આપે છે.

(૧૬) કલમ-૮૨ : આ અધિનિયમ હેઠળના ગુનાનો ઇન્સાફ કરવા બાબત :-
પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટ અથવા ફર્સ્ટ કલાસ મેજિસ્ટ્રેટથી ઉતરતા દરજ્જાનીકોઇપણ કોર્ટથી આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુનાઓ ઇન્સાફ કરી શકાશે નહીં.

આ પ્રમાણેના સંજોગોમાં, સને ૧૯૪૯ના અરસામાં, માનનીય જસ્ટીસ તેંદુલકર સાહેબે, પાયો ખોદીને, ઇમારત ચણવાનું કામ કરેલ છે અને તેવી ઇમારત મજબુત રહે, પાયાઓ વધુ મજબુત થાય અને ઇમારત સુંદર રીતે કાર્યક્ષમ રહે અને સમગ્ર ગુજરાતના ટ્રસ્ટો તેના ટ્રસ્ટીઓ અને તેની સાથે સંકળાયેલા એડવોકેટશ્રીઓ, ઓડીટરશ્રીઓ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટશ્રીઓ તથા અન્ય સંનિષ્ઠ નાગરિકોની મદદથી, સમગ્ર ગુજરાતની એક અનેરી અને સુંદર છાપ ઉપસે તેવા સહીયારા પ્રયત્નો કરીએ અને તે માટે સૌ વિચારશીલ નાગરીકો તેમના અમુલ્ય સુચનો અમોને પહોંચાડે તેવી અભ્યર્થના સાથે, ઋણભાવ સાથે વિરમું છું. ફરી એકવાર આભારની લાગણી સહ.